# જેકે લક્ષ્મી સિમેન્ટનો નફો ૫૪ ટકા વધ્યો

અમદાવાદ :જેકે લક્ષ્મી સિમેન્ટનો ચોથા ત્રિમાસિક ગાળાનો નફો અગાઉના વર્ષના સમાન ગાળાના રૂ. ૬૭.૬૩ કરોડની સરખામણીમાં ૫૩.૯૦ ટકા વધીને રૂ. ૧૦૪.૦૮ કરોડ થયો છે. કંપનીનાં કુલ વેચાણ અગાઉના રૂ. ૨૯૧.૩૫ કરોડની સરખામણીમાં ૨૫.૦૮ ટકા વધીને રૂ. ૩૬૪.૪૧ કરોડ થયા છે. કંપનીએ ૪૦ ટકા ડિવિડન્ડની જાહેરાત કરી છે. વાર્ષિક ધોરણે કંપનીનો નફો ૨૦.૧૫ ટકા ઘટીને રૂ. ૧૭૮.૫૯ કરોડ નોંધાયો છે. ૨૦૦૮-૦૯માં કંપનીનાં કુલ વેચાણ વધીને રૂ. ૧,૨૨૪.૫૩ કરોડ થયાં છે.